# હિમેટુરિયા (પેશાબ વાટે લોહી પડવું)

## તમારે શું જાણવું જોઇએ



### હિમેટુરિયા એટલે શું?

હિમેટુરિયા એટલે પેશાબમાં લોહી આવવું. જ્યારે પેશાબ લાલ અથવા ગુલાબી રંગનો દેખાય ત્યારે તે પેશાબમાં લોહી આવવા સાથે સંકળાયેલ હોઈ શકે છે અને તેને "ગ્રોસ" અથવા "દૃશ્યમાન" હિમેટુરિયા કહેવામાં આવે છે. કેટલીક વખત, પેશાબમાં લોહી હોય છે પરંતુ તે સહેલાઇથી દેખાતું નથી અને તેને "માઇક્રોસ્કોપિક” હિમેટુરિયા કહેવામાં આવે છે કારણ કે તે ફક્ત માઇક્રોસ્કોપ હેઠળ જ દેખાઇ શકે છે.

તમારા આરોગ્ય કાળજી પ્રદાતાની નિયમિત મુલાકાતો દરમિયાન તમને ઘણીવાર પરીક્ષણ માટે પેશાબનો નમૂનો આપવાનું કહેવામાં આવે છે. ક્યાં તો કેમિકલ સ્ટ્રિપ (જેને ડિપસ્ટિક પણ કહેવાય છે)નો ઉપયોગ કરીને અથવા તો માઇક્રોસ્કોપ હેઠળ લોહી જોવા મળી શકે છે. આ રીતે જો લોહી મળી આવે તો પછી તમને "માઇક્રોસ્કોપિક હિમેટુરિયા” હોઇ શકે છે.

**પેશાબમાં લોહી આવવાનાં ઘણા કારણો હોય છે. મોટા ભાગના કારણો ચિંતાજનક હોતા નથી પરંતુ કેટલાક માટે તમારા આરોગ્ય કાળજી પ્રદાતા દ્વારા સંભાળની જરૂર પડી શકે છે.**

### હિમેટુરિયા શેના કારણે થાય છે?

પેશાબમાં લોહી આવવાનાં ઘણા કારણો હોય છે. મોટા ભાગના કારણો ચિંતાજનક હોતા નથી પરંતુ કેટલાક માટે તમારા આરોગ્ય કાળજી પ્રદાતા દ્વારા સંભાળની જરૂર પડી શકે છે. પેશાબમાં લોહી આવવાનાં સામાન્ય કારણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- પેશાબમાં ચેપ
- વૃધ્ધ પુરુષોમાં વિસ્તારિત પ્રોસ્ટેટ
- મૂત્રપિંડ અથવા મૂત્રાશયની પથરીઓ
- સ્ત્રીઓમાં માસિક સમયગાળો
- પ્રોસ્ટેટમાં ચેપ
- મૂત્રપિંડનો રોગ
- મૂત્રપિંડ ટ્રોમા
- મૂત્રાશયનું કૅન્સર (મોટા ભાગે ધૂમ્રપાન કરનારાઓમાં)
- મૂત્રપિંડનું કૅન્સર
- મૂત્રમાર્ગની લાઇનિંગ (પડ)નું કૅન્સર
- સોજા-રોધી દવાઓ (સાંધાના સોજા અને દુઃખાવાની ગોળીઓ)
- સખત વ્યાયામ

પેશાબમાં જ્યારે લોહી મળી આવે છે ત્યારે, આરોગ્ય કાળજી પ્રદાતાઓ સુનિશ્ચિત કરવા માંગે છે કે આ કોઇ મોટી આરોગ્ય સમસ્યા તો નથીને, જેમ કે મૂત્રપિંડ, મૂત્રમાર્ગ અથવા મૂત્રાશયમાં ટ્યૂમર. યુરોલૉજિકલ કૅન્સરોને કારણે જવલ્લે જ પેશાબમાં લોહી આવે છે પરંતુ તે જીવલેણ નીવડી શકે છે.

### હિમેટુરિયાનું નિદાન કેવી રીતે કરવામાં આવે છે?

તમારા ડૉક્ટર તમારા પેશાબમાં લોહી આવવાના કારણો શોધવા માંગશે. તમને કૅન્સર થવાના જોખમો છે કે કેમ તે જોવા માટે આમાં અમુકવાર તપાસ અને તમારા સંપૂર્ણ આરોગ્ય રેકોર્ડ વિશે જાણવાનો સમાવેશ થાય છે. ડૉક્ટર તમારા પેશાબમાં લોહી આવવા માટે કૅન્સર સિવાયના કારણો પણ શોધશે, જેમ કે તાજેતરમાં કોઇ ટ્રોમા, મૂત્રમાર્ગનો ચેપ (UTI) થયો હોય અથવા અન્ય પ્રક્રિયાઓ કરી હોય.

તમારા ડૉક્ટર જરૂરી કોઇપણ પરીક્ષણોની ગોઠવણ કરશે. જો પેશાબમાં લોહી આવવાનો કોઇ ખુલાસો ન મળે તો પછી તમારા ડૉક્ટર કૅન્સર માટે તમારા જોખમના સ્તરની ઓછું, વચગાળાનું અથવા ઉચ્ચ તરીકે મૂલ્યાંકન કરી શકે છે. જોખમના આ સ્તરો મૂત્રાશય કૅન્સર માટેનાં જાણીતા જોખમો પર આધારિત હોય છે જેમ કે:

- ધૂમ્રપાનનો ઇતિહાસ
- વય
- લિંગ


©2023 યુરોલૉજિ કેર ફાઉન્ડેશન. તમામ હકો આરક્ષિત છે.

# હિમેટુરિયા (પેશાબ વાટે લોહી પડવું)

## *તમારે શું જાણવું જોઇએ*

- લક્ષણો
- પેશાબમાં લાલ રક્ત કણોની સંખ્યા
- અમુક પ્રકારની કીમોથેરપી
- મૂત્રાશયના કૅન્સર, મૂત્ર માર્ગની લાઇનિંગ (પડ)નું કૅન્સર અથવા લિંચ સિન્ડ્રોમનો પારિવારિક ઇતિહાસ હોય
- કાર્યસ્થળે બેન્ઝિન અથવા ઍરોમેટિક એમાઇન્સ જેવા રસાયણોનું વિગોપન (સંસર્ગ)
- લાંબા સમય સુધી તમારા મૂત્ર માર્ગમાં કૅથેટર રહેવું

### હિમેટુરિયાનું પરીક્ષણ કેવી રીતે થાય છે?

દરેક વ્યક્તિ માટે કયા પ્રકારના પરીક્ષણની જરૂર છે તેનો નિર્ણય લેવા માટે ડૉક્ટરો જોખમો વિશેની માર્ગદર્શિકાનો ઉપયોગ કરે છે. ઓછું જોખમ ધરાવતી વ્યક્તિ ઘણા બધા પરીક્ષણો ટાળી શકે છે કારણ કે તેને કૅન્સર થવાનું જોખમ ઓછું હોય છે. ઉચ્ચ જોખમ ધરાવતી વ્યક્તિને વધુ ઊંડાણ સાથેના પરીક્ષણની કરાવવાની જરૂર પડે છે.

**ઓછા જોખમનું પરીક્ષણ.** ઓછું જોખમ ધરાવતા દર્દીઓને જવલ્લે જ કૅન્સર થતું હોવાથી, ડૉક્ટરો સંભવતઃ વધુ પરીક્ષણો કરાવવાના ફાયદા અને ગેરફાયદા વિશે ચર્ચા કરશે. એક સામાન્ય વિકલ્પ એ છે કે 6 મહિનાની અંદર પેશાબ પરીક્ષણનું પુનરાવર્તન કરવું. જો તે પરીક્ષણ પેશાબમાં લોહી બતાવે, તો પછી વધુ પરીક્ષણ હાથ ધરવામાં આવે છે. જો પુનરાવર્તિત પરીક્ષણમાં લોહી મળી આવતું નથી, તો પછી દર્દીને ફક્ત લક્ષણો માટે ધ્યાન રાખવું પડે છે.

**વચગાળાના જોખમનું પરીક્ષણ.** દર્દીઓ જેઓને કહેવામાં આવે છે કે તેમને વચગાળાનું જોખમ છે તેઓને મૂત્રાશયની તપાસ માટે સિસ્ટોસ્કૉપિની પ્રક્રિયા અને મૂત્રપિંડની તપાસ માટે રીનલ અલ્ટ્રાસાઉન્ડ કરાવવાની ભલામણ કરવામાં આવશે.

**ઉચ્ચ જોખમ પરીક્ષણ.** જેઓ ઉચ્ચ જોખમ ધરાવતા હોય છે તેઓને અવારનવાર મૂત્રાશયની તપાસ માટે સિસ્ટોસ્કૉપ વડે પરીક્ષણ કરાવવાનું અને મૂત્રમાર્ગની લાઇનિંગ (પડ)ની તપાસ માટે પેટ અને પેલ્વિસની કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (CT સ્કૅન) કરાવવાનું થાય છે. CT સ્કૅન અને અલ્ટ્રાસાઉન્ડ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે CT સ્કૅન મૂત્રપિંડ અને મૂત્રવાહિનીમાંથી નાની અસાધારણતા શોધી શકે છે જે અલ્ટ્રાસાઉન્ડ દ્વારા ચૂકી જઇ શકાય.

### હિમેટુરિયાની સારવાર કેવી રીતે થાય છે?

પેશાબમાં લોહી આવવા સાથેના મોટાભાગના દર્દીઓને કોઇ મોટી સમસ્યા હોતી નથી. હકીકતમાં, ઘણા લોકો માટે, કારણ જાણીતું નથી. વધુ ગંભીર સ્થિતિ ધરાવતા એવા દર્દીઓમાં, આ વહેલી તકે શોધાવાથી જીવન બચાવી શકાય છે. જો ખાસ કરીને તમારા પેશાબમાં લોહી દેખાય તો આ તારણોને અવગણવા નહીં અને પરીક્ષણ કરાવવા અતિમહત્ત્વપૂર્ણ છે.

### યુરોલૉજિ કેર ફાઉન્ડેશન વિશે

યુરોલૉજિ કેર ફાઉન્ડેશન વિશ્વનું અગ્રેસર યુરોલૉજિક ફાઉન્ડેશન છે – અને અમેરિકન યુરોલૉજિકલ અસોસિએશનનું સત્તાવાર ફાઉન્ડેશન છે. અમે જેઓ તેઓના યુરોલૉજિક સ્વાસ્થ્યને સક્રિય રીતે સંચાલિત કરે છે અને જેઓ સ્વાસ્થ્યમાં ફેરફારો કરવા તૈયાર છે તેઓને માહિતી પૂરી પાડીએ છીએ. અમારી માહિતી અમેરિકન યુરોલૉજિકલ અસોસિયેશનના સંસાધનો પર આધારિત છે અને તબીબી નિષ્ણાતો દ્વારા તેની સમીક્ષા કરવામાં આવે છે. વધુ જાણકારી માટે, યુરોલૉજિ કેર ફાઉન્ડેશનની વેબસાઇટ **UrologyHealth.org/UrologicConditions** ની મુલાકાત લેવી, અથવા તમારી નજીકમાં જ ડૉક્ટર શોધવા માટે **UrologyHealth.org/FindAUrologist** પર જાઓ.

### દાવોત્યાગ વિધાન:

આ માહિતી સ્વ-નિદાનનું સાધન નથી અથવા વ્યવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી. તે હેતુ માટે તેનો વપરાશ કરવો નહીં અને તેના પર આધાર રાખવો નહીં. મહેરબાની કરીને તમારા યુરોલૉજિસ્ટ અથવા આરોગ્ય કાળજી પ્રદાતા સાથે તમારી આરોગ્ય ચિંતાઓ વિશે વાત કરવી. દવાઓ સહિતની કોઇપણ સારવારો તમે શરૂ કરો કે બંધ કરો તે પૂર્વે હંમેશાં આરોગ્ય કાળજી પ્રદાતા સાથે પરામર્શ કરવો. અન્ય યુરોલૉજિક સ્થિતિઓ વિશેની મુદ્રિત અને અન્ય સામગ્રીઓની નકલો માટે **UrologyHealth.org/Order**ની મુલાકાત લેવી અથવા 800-828-7866 પર કૉલ કરવો.


©2023 યુરોલૉજિ કેર ફાઉન્ડેશન. તમામ હકો આરક્ષિત છે.
BladderHealth-Hematuria-FS-2020-Gujarati